ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૬/૨૩-૨૪/ 1169 તારીખ : 25 JUL 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૬/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી શિયાળ આણંદભાઈ ડાયાભાઈ**
**બાપા સીતારામની મઢી પાસે,**
**મુંપો.વાંગર,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

મો.નં-૮૫૧૧૮ ૭૮૩૪૬

**વિષય : ખેતીવાડી એલ.ટી.લાઈનના ૨ પોલ ઉભા કરી પાવર શરૂ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૨/૦૬/૨૦૨૩ અને તા.૦૮/૦૬/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬/૨૩-૨૪/૧૦૧૭ તા.૦૯/૦૬/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬/૨૩-૨૪/૧૦૯૩ તા.૦૩/૦૭/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૦૭/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૧, મહુવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૬/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી શિયાળ આણંદભાઈ ડાયાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૩/૦૭/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી શિયાળ આણંદભાઈ ડાયાભાઈ (વાદી પોતે ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી. ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી શિયાળ આણંદભાઈ ડાયાભાઈ, મું.વાંગર, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી એલ.ટી.લાઈનના ૨ પોલ ઉભા કરી પાવર શરૂ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૬/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬/૨૩–૨૪/૧૦૧૭ તા.૦૯/૦૬/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૩/૦૭/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી. ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારને ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાનું ગામ–વાંગરમાં રાજુલા રોડ ઉપર ખેતીવાડી આવેલ છે. ૫ એચ.પી.નું એવન કેટેગરી વાર્ષિક બિલ વાળું વીજ કનેકશન ચાલે છે. અરજદારની વીજ કચેરી મહુવા રૂરલ–૧ છે. વીજ કનેકશન અરજદારના દાદાના નામે ચાલે છે. અરજદારના દાદાનું અવસાન થયેલ છે. ઉપર મુજબના સ્થળે અરજદારના વીજ કનેકશનની એલ ટી લાઈનના બે પોલ પવનમાં પડી તુટી ગયેલ છે. છેલ્લું વીજ કનેકશન છે. અરજદારની વીજ કચેરી મહુવા રૂરલ–૧ માં તા.૨૮.૧૨.૨૦૨૨ ના રોજ લેખિત અરજી આપેલ છે. છતાં, હજુ સુધી કોઈ તપાસ કરવા આવેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ અવાર નવાર રૂબરૂ ફરિયાદ કરેલ છે. ફરિયાદ કોઈ અધિકારી સાંભળતા નથી. ફકત આશ્વાસન આપી રવાના કરી દેવામાં આવે છે. કામ કરાવવામાં કોઈ ને રસ નથી. અમારો ધંધો ખેતી કામનો છે, રોજ રોજ ધક્કા ખાવા પોસાય નહિ. અરજી લીધા પછી અરજી રાખવાની કોની જવાબદારી હોય છે. સ્થાનિક કચેરીમાં કામ ન થવાથી ફોરમને ફરિયાદ કરવાની ફરજ પડેલ છે. તો પોલ લગાડી પાવર ચાલુ કરવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧ સવિનય સાથ ઉપરોક્ત વિષય તથા સંદર્ભના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી પર અરજદાર શ્રી શિયાળ આણંદભાઈ ડાયાભાઈ, ગામ–વાંગર, તાલુકો મહુવા દ્વારા ખેતીવાડી વીજ કનેકશનની એલ ટી લાઈનમાં લાઈનના બેપોલ પવનમાં તુટી ગયેલ તે બદલી લગાડી પાવર શરૂ કરવા બાબતની રજુઆત ગ્રાહક તકરાર ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ. જેને અનુસંધાને અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા તા.૦૯.૦૭.૨૦૨૩ ના રોજ એલ ટી લાઈનના બે વિજપોલ ઉભા કરી લાઈનકામનું સમારકામ કરી વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરેલ છે તથા તેની જાણ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા અરજદારને પત્ર નં–Mahuva/R-1/Esta/3382 તા.૧૦/૦૭/૨૦૨૩ થી કરેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.**

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી શિયાળ આણંદભાઈ ડાયાભાઈ, મું.વાંગર, તા.મહુવા દ્વારા તેમના ખેતીવાડી વિજ કનેકશનના એલ.ટી.લાઈનના બે પોલ તૂટી જતા, પ્રતિવાદી દ્વારા લાંબા સમયથી મેઈન્ટેનન્સ કરી ચાલુ ન કરી આપવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ કેસની રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં, વાદી હાજર રહયા નથી પ્રતિવાદીએ હાજર રહી લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરેલ છે.

૩.૩ વાદી દ્વારા ગામ–વાંગર ખાતે રાજુલા રોડ પરના તેમના ૫ હો.પા.ના એ–૧ કેટેગરી ના ખેતીવાડી વિજ જોડાણ ના બે પોલ પવનમાં તૂટી જતાં, તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ લેખિત અરજી કરેલ. જે અંગે પ્રતિવાદીની ગ્રામ્ય–૧ પે.વિ.કચેરી દ્વારા લાંબા સમય સુધી કાર્યવાહી કરેલ નથી. વાદી દ્વારા ફોરમને રજૂઆત કર્યા બાદ આશરે ૭ મહિના બાદ તા.૦૯/૦૭/૨૦૨૩ ના રોજ એલ.ટી.લાઈનના ૨ વિજ પોલ ઉભા કરી પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવેલ છે. જે ગ્રાહક પ્રત્યેની સેવામાં ઉણપ અને અક્ષમ્ય બેદરકારી દર્શાવે છે. જેની ગંભીર નોધ ફોરમે લીધેલ છે. તથા આ અંગે સંબંધિત પર કંપનીના નિયમોનુસાર કાર્યવાહી કરી જાણ કરવા જણાવવામાં આવે છે.

Grievance Redressal
P.G.V.C.L.
Bhavnagar.

૩.૪ આજરોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી એ જણાવેલ છે કે, વાદીની ફરીયાદ અત્રે તા.૦૯/૦૭/૨૦૨૩ ના રોજ એલ.ટી.લાઈન ના ૨ વિજ પોલ ઉભા કરી જરૂરી મરામત કામ કરી વાદીનો વિજ પુરવઠો ચાલુ કરી આપવામાં આવેલ છે. અને તે અંગેની જાણ પણ વાદીને પત્ર નં–૩૩૮૨ તા.૧૦/૦૭/૨૦૨૩ થી કરેલ છે. તેમ જણાવેલ છે.

વાદીને ફોરમની સુનાવણી અંગે નો પત્ર મુદત પહેલા મળી ગયેલ છે. પરંતુ, હાજર રહેલ નથી કે અન્ય કોઈ રજુઆત ફોરમને કરેલ નથી. આમ, વાદીની ફરીયાદ નું નિરાકરણ કરી આપવામાં આવેલ હોય, ફોરમ દ્વારા કશો હુકમ કરવાનો રહેતો નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ અને ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
( )
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– **૧૩/૦૭/૨૦૨૩**